# મોટર સાઇકલ ચોરી કરતી ગેંગને ઝડપી પાડતી, સુરત શહેર ક્રાઇમ બ્રાંચ.

સુરત શહેર વિસ્તારમાં વાહન ચોરીના બનાવો અટકાવવા તથા વાહન ચોરી કરતા ઇસમોને ઝડપી પાડવા ક્રાઈમ બ્રાન્ચના પોલીસ માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો. યોગેન્દ્રસીહ દીલુભા તથા પો.કો. મહાવીરસીહ રણજીતસીહ નાઓને મળેલ બાતમી આધારે વસંતભીખાની વાડી વરાછા પાસેથી આરોપી (૧) ભરત ઉર્ફે ઠાકોર ભુપતભાઇ માધાભાઇ મકવાણા ઉ.વ.૨૦ રહે. ભાવનગર પહેલી શેરી મકાન નં. ૨, હનુમાનદાદા મંદિરની બાજુમાં કાળીયાપીઠ, ભાવનગરને અટક તથા બીજા બે કાયદાના સંઘર્ષમાં આવેલ બે કિશોરોને ચોરીની મોટર સાઇકલ સાથે ઝડપી પાડી, ડીટેન કરવામાં આવેલ છે. મજકુર કાયદાના સંઘર્ષમા આવેલ બે કિશોર તથા આરોપી ભરત મકવણા પાસેથી ચોરીની કુલ ૬ મોટર સાઇકલ કિ.રૂ.૯૦,૦૦૦/- ની કબજે કરવામાં આવેલ. તેમજ એક મોટર સાઇકલ બીનવારસી તારાપુર પોલીસ સ્ટેશનમાં કબ્જે લેવામાં આવેલ છે.

મજુકર કાયદાના સંઘર્ષમા આવેલ બે કિશોર તથા આરોપી ભરત મકવણાની પુછપરછ કરતા મજકુર તમામ ભાવનગર ખાતે રહેતા અને તેઓના બીજા દસ મિત્રો પણ ભાવનગર ખાતે રહે છે. જે ભાવનગર તથા આજુબાજુના વિસ્તારના રહેવાસી છે. મંજકુર તમામ મિત્રોએ નક્કી કરેલ કે ભાવનગર આસપાસના ગામોમા જવા માટે તમામ પાસે મોટર સાઇકલ હોવી જોઇએ અને તમામ પાસે મોટર સાઇકલ હોય તો ફોન કરીએ તો તમામ ફટાફટ આવી પણ શકે જેથી ક્યાંય જવા આવવામાં પણ સરળતા રહે તેઓના મિત્ર સર્કલમાં કોઇ પણ ઘરેથી રૂપીયા માંગી શેકે તેમ ન હોય તમામ સુરત ખાતેથી મોટર સાઇકલ ચોરી કરી ભાવનગર લઈ આવી તમામ એક એક વાપરશે તેમ નક્કી કરેલ. ત્યારબાદ કાયદાના સંઘર્ષમા આવેલ બે કિશોર તથા આરોપી ભરત મકવણાએ તા.૨૪/૦૨/૨૦૨૦ થી તા.૦૩/૦૩/૨૦૨૦ દરમ્યાન સુરત શહેર ખાતેથી કુલ ૬ મોટર સાઇકલ તથા તારાપુર ખંભાતથી એક મળી સાત મોટર સાઇકલની ચોરી કરેલ અને ચોરી કરેલ મજકુર કાયદાના સંઘર્ષમા આવેલ બે કિશોર તથા આરોપી ભરત મકવાણા પાસેથી મળી આવેલ મોટર સાઇકલ અંગે તપાસ કરતા નીચે મુજબના ગુનાનો ભેદ ઉકેલાયેલ છે.

(૧) પુણા પો.સ્ટે. પાર્ટ A ગુ.ર.નં. ૧૧૨૧૦૦૪૬૨૦૦૩૭૧/૨૦૨૦ ઇ.પી.કો. કલમ-૩૭૯ (૨) પુણા પો.સ્ટે. પાર્ટ A ગુ.ર.નં. ૧૧૨૧૦૦૪૬૨૦૦૩૨૫/૨૦૨૦ ઇ.પી.કો. કલમ-૩૭૯ (૩) પુણા પો.સ્ટે. પાર્ટ A ગુ.ર.નં.૧૧૨૧૦૦૪૬૨૦૦૪૮૨/૨૦૨૦ ઇ.પી.કો. કલમ-૩૭૯ (૪) પુણા પો.સ્ટે. પાર્ટ A ગુ.ર.નં. ૧૧૨૧૦૦૪૬૨૦૦૬૦૫/૨૦૨૦ ઇ.પી.કો. કલમ-૩૭૯ (૫) પુણા પો.સ્ટે. પાર્ટ A ગુ.ર.નં. ૧૧૨૧૦૦૪૬૨૦૦૬૦૯/૨૦૨૦ ઇ.પી.કો. કલમ-૩૭૯ (૫) પુણા પો.સ્ટે પાર્ટ A ગુ.ર.નં. ૧૧૨૧૦૦૪૬૨૦૦૩૮૮/૨૦૨૦ ઇ.પી.કો. કલમ-૩૭૯ (૬) પુણા પો.સ્ટે. પાર્ટ A ગુ.ર.નં. ૧૧૨૧૦૦૪૬૨૦૦૦૫૪/૨૦૨૦ ઇ.પી.કો. કલમ-૩૭૯.